Friday
21.04.2023
*Volume :7 * Issue No.262
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily
RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,
*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં વૈશ્વિક બૌદ્ધ સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન આપ્યું

## "સમયની માંગ છે કે, દરેક વ્યક્તિ અને રાષ્ટ્રની પ્રાથમિકતા 'દેશના હિતની સાથે દુનિયાનું હિત' હોવી જોઇએ"



## ૨૦-૨૧ એપ્રિલના રોજ આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘના સહયોગથી સંસ્કૃતિ મંત્રાલય દ્વારા બે દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વૈશ્વિક બૌદ્ધ સંમેલનની થીમ "સમકાલીન પડકારોનો પ્રતિસાદઃ વ્યવહાર માટે વિચારધારા" છે.





## "IBC જેવા મંચ સમાન વિચારસરણી ધરાવનારાઓ અને સમાન દિલના દેશોને બુદ્ધ ધમ્મ અને શાંતિનો પ્રસાર કરવાની તક પૂરી પાડી રહ્યાં છે"

## "ભારત ભગવાન બુદ્ધના ઉપદેશોથી પ્રેરણા લઇને, વૈશ્વિક કલ્યાણ માટે નવી પહેલ કરી રહ્યું છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં હોટેલ અશોક ખાતે યોજાયેલા વૈશ્વિક બૌદ્ધ સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ અહીં ઉભા કરવામાં આવેલા ફોટો પ્રદર્શનમાં લટાર મારી હતી અને બુદ્ધની મૂર્તિને પુષ્પ અર્પણ કર્યાં હતાં. તેમણે ઓગણીસ પ્રતિષ્ઠિત સાધુઓને સાધુ વસ્ત્રો (ચિવર દાના) પણ અર્પણ કર્યા. આ કાર્યક્રમમાં ઉપસ્થિતોને સંબોધન આપતા પ્રધાનમંત્રીએ વૈશ્વિક બૌદ્ધ સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપવા માટે દુનિયાના વિવિધ ખૂણામાંથી આવનારા તમામ લોકોનું સ્વાગત કર્યું હતું. તેમણે રેખાંકિત કર્યું હતું કે 'અતિથિ દેવો ભવ:' એટલે કે અતિથિઓ ભગવાનનું સ્વરૂપ છે, એ બુદ્ધની આ ભૂમિની પરંપરા છે અને બુદ્ધના આદર્શો દ્વારા જીવી ચૂકેલા અનેક મહાનુભાવોની હાજરી આપણને જાણે બુદ્ધ પોતેજ આપણી આસપાસ હાજર હોય તેવો અહેસાસ કરાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "બુદ્ધ કોઈ વ્યક્તિની સીમિતતાથી બહાર છે, તેઓ એક દષ્ટિકોણ છે". પ્રધાનમંત્રીએ કહ્યું હતુ કે, બુદ્ધ એક એવી સંવેદના છે કે, જે વ્યક્તિથી આગળ વધે છે, તે એક વિચાર છે જે સાકાર સ્વરૂપ કરતાં આગળ છે અને બુદ્ધ એ અભિવ્યકિતની બહારની ચેતના છે. તેમણે કહ્યું હતું કે "આ બુદ્ધ ચેતના સદાકાળ છે". તેમણે આગળ જણાવ્યું હતું કે, વિવિધ ક્ષેત્રોમાંથી ઘણા લોકોની હાજરી બુદ્ધના વિસ્તરણની રજૂઆત કરે છે, જે સમગ્ર માનવજાતને એકજ તાતણે બાંધે છે. તેમણે વિશ્વના કલ્યાણ માટે સમગ્ર દુનિયામાં ભગવાન બુદ્ધના કરોડો અનુયાયીઓની સામૂહિક ઈચ્છાશકિત અને સંકલ્પની શકિતનો પણ ખાસ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગની નોંધ લેતા, પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અહીં શરૂ થઈ રહેલું વૈશ્વિક બૌદ્ધ સંમેલન તમામ રાષ્ટ્રોના પ્રયત્નો માટે એક અસરકારક મંચનું નિર્માણ કરશે અને આ મહત્વપૂર્ણ કાર્યક્રમના આયોજન બદલ સંસ્કૃતિ મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘનો આભાર માન્યો હતો. પ્રધાનમંત્રીએ બૌદ્ધ ધર્મ સાથેના તેમના અંગત જોડાણ પર પણ પ્રકાશ પાડ્યો હતો કારણ કે તેમનું મૂળ વતન વડનગર પણ એક મુખ્ય બૌદ્ધ કેન્દ્ર છે અને હ્યુએન ત્સાંગે વડનગરની મુલાકાત લીધી હતી. શ્રી મોદીએ સારનાથના સંદર્ભમાં કાશીનો પણ ઉલ્લેખ કર્યો હતો અને બૌદ્ધ વારસા સાથેનું જોડાણ વધુ ગાઢ હોવાનું જણાવ્યું હતું. ભારતની



## "મિશન LiFE બુદ્ધની પ્રેરણાથી પ્રભાવિત છે અને તે બુદ્ધના વિચારોને આગળ ધપાવે છે"

આઝાદીના ૭૫મા વર્ષ દરમિયાન દેશ જ્યારે આઝાદીના અમૃતકાળની ઉજવણી કરી રહ્યો છે ત્યારે જ વૈશ્વિક બૌદ્ધ સંમેલન યોજાઈ રહ્યું છે તેની નોંધ લેતા, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત પાસે તેના ભવિષ્ય માટેનું મુખ્ય લક્ષ્ય છે અને વૈશ્વિક કલ્યાણ માટે નવા સંકલ્પો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતે તાજેતરમાં વિવિધ ક્ષેત્રોમાં જે વૈશ્વિક સીમાચિહ્નો પ્રાપ્ત કર્યા છે તેની પાછળની પ્રેરણા પણ ખુદ ભગવાન બુદ્ધ છે. સિદ્ધાંત, અભ્યાસ અને અનુભૂતિના બૌદ્ધ માર્ગને યાદ કરીને, ભારતે છેલ્લા ૯ વર્ષની પોતાની યાત્રામાં આ ત્રણેય મુદ્દાઓને અપનાવ્યા છે તે વિશે પ્રધાનમંત્રીએ વિગતવાર જણાવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું હતું કે, ભારતે સમર્પણની ભાવના સાથે ભગવાન બુદ્ધે આપેલા ઉપદેશના પ્રચાર માટે સમર્પણ સાથે કામ કર્યું છે. તેમણે IBCના સહયોગથી ભારત અને નેપાળમાં બૌદ્ધ સર્કિટના વિકાસ, સારનાથ અને કુશીનગરના કાયાકલ્પ, કુશીનગર આંતરરાષ્ટ્રીય હવાઈમથક અને લુમ્બિની ખાતે ભારત આંતરરાષ્ટ્રીય બૌદ્ધ ધરોહર અને સંસ્કૃતિ કેન્દ્ર વિશે વાત કરી હતી. પ્રધાનમંત્રીએ માનવજાતની સમસ્યાઓ પ્રત્યે ભારતમાં સહજ રીતે રહેલી સહાનુભૂતિની ભાવના માટે ભગવાન બુદ્ધના ઉપદેશોને શ્રેય આપ્યો હતો. તેમણે શાંતિ મિશનો અને તૂર્કીમાં ભૂકંપ જેવી આપત્તિઓ માટે બચાવ કાર્યમાં ભારતે પૂરા દિલથી કરેલા પ્રયાસોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, "૧૪૦ કરોડ ભારતીયોની આ ભાવનાને દુનિયા જોઈ રહી છે, સમજી રહી છે અને સ્વીકારી રહી છે". તેમણે પોતાની વાત આગળ ચાલુ રાખતાકહ્યું હતુંકે, IBC જેવા મંચ સમાન વિચારસરણી ધરાવનારાઓ અને સમાન દિલના દેશોને બુદ્ધ ધમ્મ અને શાંતિનો પ્રસાર કરવાની તક પૂરી પાડી રહ્યાં છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "સમસ્યાથી ઉકેલ સુધી પહોંચવાની યાત્રા એ બુદ્ધની વાસ્તવિક યાત્રા છે." પ્રધાનમંત્રીએ ભગવાન બુદ્ધની યાત્રા પર પ્રકાશ પાડતા પુનરોચ્ચાર કર્યો હતો કે, તેમને અન્ય લોકોના જીવનમાં રહેલી પીડાનો અહેસાસ થયો હતો માટે તેમણે તેમના કિલ્લાઓ અને સામ્રાજ્યોનું જીવન છોડી દીધું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમૃદ્ધ વિશ્વના ધ્યેયને પ્રાપ્ત કરવાનો એકમાત્ર માર્ગ એ છે કે જ્યારે વ્યક્તિ સ્વ (પોતાની જાત) અને સંકુચિત માનસિકતાનો વિચાર છોડી દે અને વિશ્વના વિચારને અપનાવવાના બુદ્ધના મંત્રની સંપૂર્ણતાનો અહેસાસ કરે. તેમણે ભારપૂર્વક જણાવ્યુંહતુ કે, જો આપણે સંસાધનોની અછત સાથે કામ કરી રહેલા દેશોને ધ્યાનમાં લઈએ તો જ એક વધુ સારું અને સ્થિર વિશ્વ પ્રાપ્ત કરી શકાય તેમ છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "અત્યારે સમયની માંગ છે કે, દરેક વ્યક્તિ અને રાષ્ટ્રની પ્રાથમિકતા 'દેશના હિતની સાથે દુનિયાનું હિત' હોવી જોઈએ". પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમય આ સદીનો સૌથી પડકારજનક સમય છે કારણકે યુદ્ધ, આર્થિક અસ્થિરતા, આતંકવાદ અને ધાર્મિક કટ્ટરતા ફેલાયેલા છે તેમજ વિવિધ પ્રજાતિઓ લુપ્ત થઈ રહી છે અને હિમનદીઓ પીગળી રહી છે, સાથે સાથે જળવાયુ પરિવર્તનનો પડકાર પણ આપણી સમક્ષ છે. તેમણે કહ્યું હતું કે, આ બધાની વચ્ચે એવા લોકો છે જેઓ બુદ્ધ અને તમામ જીવોના કલ્યાણમાં વિશ્વાસ રાખે છે. તેમણે ઉમેર્યુ હતું કે, "આ આશા, આ આસ્થા, આ પૃથ્વીની સૌથી મોટી તાકાત છે. જ્યારે આ આશા એક થઈ જશે, ત્યારે બુદ્ધનો ધમ્મ વિશ્વની આસ્થા બની જશે અને બુદ્ધની અનુભૂતિ માનવજાતની માન્યતા બની જશે. શ્રી મોદીએ બુદ્ધના ઉપદેશની પ્રાસંગિકતા પરનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, આધુનિક સમયની તમામ સમસ્યાઓના ઉકેલ ભગવાન બુદ્ધે આપેલા પ્રાચીન ઉપદેશોમાંથી મળી રહે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભગવાન બુદ્ધે શાશ્વત શાંતિની સ્થાપના માટે યુદ્ધ, પરાજય અને વિજયનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, વેરથી વેર ક્યારેય ઉકેલી શકાતું નથી અને એકતામાં જ સુખ રહેલુ છે. તેવી જ રીતે, બીજાને ઉપદેશ આપતા પહેલાં વ્યક્તિએ સૌપ્રથમ



પોતાના આચરણને જોવું જોઈએ તેવો ભગવાન બુદ્ધે આપેલો ઉપદેશ, આજના વિશ્વમાં લોકો દ્વારા પોતાના વિચારો અન્ય લોકો લાદવાના જોખમને દૂર કરી શકે છે. પ્રધાનમંત્રી સંબોધન દરમિયાન બુદ્ધે આપેલા તેમના પ્રિય ઉપદેશ પર પાછા આવ્યા હતા જેમાં કહ્યું છે કે, ભગવાનના ઉપદેશોની શાશ્વત સુસંગતતાને વિસ્તૃત કરવા માટે તમારા પોતાના પ્રકાશ બનો. તેમને થોડાં વર્ષો પહેલાં સંયુક્ત રાષ્ટ્રમાં કહેલું વાક્ય યાદ આવ્યું હતું કે 'આપણે એ દેશ છીએ જેણે વિશ્વને યુદ્ધ નહીં પણ બુદ્ધ આપ્યા છે'. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે "બુદ્ધનો માર્ગ ભવિષ્યનો માર્ગ અને ટકાઉપણુંનો માર્ગ છે. જો દુનિયાએ બુદ્ધના ઉપદેશોનું પાલન કર્યુ હોત, તો તેને આબોહવા પરિવર્તનની સમસ્યાનો સામનો કરવો પડ્યો ન હોત." પ્રધાનમંત્રીએ સમજાવ્યું હતું કે, આ સમસ્યા ઊભી થવાનું કારણ એ છે કે, રાષ્ટ્રોએ અન્ય લોકો અને આવનારી પેઢીઓ વિશે વિચારવાનું બંધ કરી દીધું. આ ભૂલ આપત્તિજનક પ્રમાણમાં એકઠી થઈ. બુદ્ધે વ્યકિતગત લાભનો કોઈ વિચાર કર્યા વિના સારા આચરણનો ઉપદેશ આપ્યો હતો કારણ કે આ પ્રકારનું વર્તન એકંદરે સૌના કલ્યાણ તરફ દોરી જાય છે. પ્રધાનમંત્રીએ એ બાબતે પ્રકાશ પાડ્યો કે કેવી રીતે દરેક વ્યક્તિ એક યા બીજી રીતે પૃથ્વી પર અસર કરી રહી છે, પછી ભલે તે જીવનશૈલી હોય, ખાવાની વાત હોય કે મુસાફરીની આદતો હોય અને દરેક વ્યક્તિ આબોહવા પરિવર્તન સામે લડવામાં યોગદાન આપી શકે છે. બુદ્ધની પ્રેરણાથી પ્રભાવિત ભારતે શરૂ કરેલી પહેલ પર્યાવરણ માટે જીવનશૈલી અથવા મિશન LiFE પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જો લોકો જાગૃત બને અને તેમની જીવનશૈલીમાં ફેરફાર કરે, તો આબોહવા પરિવર્તનની આ વિરાટ સમસ્યાનો પણ સામનો કરી શકાય છે. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "મિશન LiFE બુદ્ધની પ્રેરણાથી પ્રભાવિત છે અને તે બુદ્ધના વિચારોને આગળ ધપાવે છે". પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનનું સમાપન કરતી વખતે ભૌતિકવાદ અને સ્વાર્થની પરિભાષાઓમાંથી બહાર આવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને 'ભવતુ સબ મંગલન' એટલે કે બુદ્ધને માત્ર પ્રતીક જ નહીં પરંતુ પ્રતિબિંબ પણ બનાવવા જોઈએ તેમ કહ્યું હતું. તેમણે ટિપ્પણી કરી હતી કે, આ સંકલ્પ માત્ર ત્યારે જ પૂરો થશે જ્યારે આપણે પાછળ ન ફરવાના અને હંમેશા આગળ વધવાના બુદ્ધના શબ્દોને યાદ કરીશું. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યકત કર્યો હતો કે, બધા એકજૂથ થશે તો આ સંકલ્પો સફળ થશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી શ્રી જી. કિશન રેડ્ડી, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી શ્રી કિરેન રિજીજુ, કેન્દ્રીય સંસ્કૃતિ રાજ્ય મંત્રી શ્રી અર્જૂન રામ મેઘવાલ અને શ્રીમતી મીનાક્ષી લેખી તેમજ આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘના મહાસચિવ ડૉ. ધમ્મપિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

દ્વારકા અમારી માતૃભૂમિ છે અને અહીંના લોકોનો એવો પ્રેમ ભાવ મળ્યો છે કે અમને તમિલનાડુ જવાનું મન થતું નથી. ભગવાન શ્રી કૃષ્ણના જીવન સાથે જોડાયેલું ચરણ ગંગાધામ થી ઓળખાતા ટુંપણી ગામમાં તમિલનાડુના મદુરાઈના મહિલા અગ્રણી એ.આર. મહાલક્ષ્મીજીને બળદગાડામાં બેસાડી સામૈયુ કરી અન્ય તમિલનાડુના મહેમાનોને પણ દાંડીયારાસ - સામૈયા સાથે સ્વાગત કરવામાં આવ્યું ત્યારે તેઓ આ શબ્દો બોલ્યા હતા. દ્વારકાના મહેમાન બનેલા સૌરાષ્ટ્ર તમિલ સંગમના ૩૦૦ મહિમાનોએ આજે દ્વારકા નજીક ટુપ્પણી ગામની મહેમાનગતિ માણી હતી. પ્રવાસનમંત્રી શ્રી મુળુભાઈ બેરા અને શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોળ ની ઉપસ્થિતિમાં ટુંપણી ગામના ગ્રામજનોએ પરંપરાગત વેશમાં ગામડાની સૌરાષ્ટ્ર કાઠીયાવાડની મહેમાનગતિ સાથે સૌ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ગામના યુવાનોએ લોકવાદ્ય શરણાઈ અને ઢોલ સાથે ડાંડિયારાસ રમી બેનોએ સામૈયા કરી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ગ્રામજનો દ્વારા કાનગોપીનો રાસ રાખવામાં આવ્યો હતો. આ તકે પ્રવાસનમંત્રી શ્રી મુળુભાઈ બેરાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા થી સૌરાષ્ટ્ર તમિલ સંગમનો કાર્યક્રમ યોજાયો છે. મહેમાનો સૌરાષ્ટ્રની ગુજરાતની યાત્રાએ આવ્યા છે અને તેઓના પૂર્વજો સૌરાષ્ટ્રના હતાં તે અંગેની વાત કરી ટુંપણી ગામ ઐતિહાસિક મહત્વ ધરાવે છે તે અંગેની જાણકારી આપી હતી. આ પ્રસંગે ધારાસભ્ય પબુભા માણેક, તલાલા ધારાસભ્યશ્રી ભગવાનજી બારડ તેમજ સંગઠનના પદાધિકારીઓ ઉપરાંત ગામના સરપંચ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ટીબી નિયંત્રણમાં ગુજરાતની સર્વશ્રેષ્ઠ સ્થિતિ : પ્રતિ એક લાખ વ્યક્તિએ ૧૩૭ દર્દી

**પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ગુજરાતમાં ચાલી રહેલી કામગીરીની રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વિસ્તૃત સમીક્ષા કરી**

### ક્ષય નિયંત્રણ માટે ગુજરાતમાં થઈ રહેલી કામગીરીથી રાજ્યપાલશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો





**ગુજરાતમાં ટીબીના ૮૩,૬૯૩ દર્દીઓ : તે પૈકી ૭૦,૩૫૦ દર્દીઓ નિ-ક્ષય મિત્રો સાથે જોડાઈ ગયા છે**

કમલમ્ ન્યુઝ,

ગુજરાતમાં પ્રતિ એક લાખ વ્યક્તિએ ક્ષય-ટીબીના ૧૩૭ દર્દીઓ છે. ભારતના અન્ય રાજ્યોની તુલનામાં આ સૌથી શ્રેષ્ઠ સ્થિતિ છે. વર્ષ-૨૦૨૫ સુધીમાં ભારતને ટીબી મુકત કરવાનું લક્ષ્યાંક પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. ગુજરાતમાં આ લક્ષ્યની પ્રાપ્તિ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અત્યંત ગંભીરતાપૂર્વક કામગીરી થઈ રહી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે 'પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ગુજરાતમાં ચાલી રહેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતમાં ક્ષય નિયંત્રણ માટે થઈ રહેલી કામગીરીથી સંતોષ વ્યકત કર્યો હતો. આરોગ્ય વિભાગના અધિકારીઓને અભિનંદન આપતાં તેમણે કહ્યું હતું કે, ક્ષય નિયંત્રણ કાર્યમાં સ્હેજ પણ ઢીલ કરવાની નથી. લક્ષ પ્રાપ્તિ માટે આવી જ ગંભીરતાથી કામ ચાલુ રાખવાનું છે. આ કાર્યને વધુ પ્રોત્સાહિત કરવા તેમણે પોતાના તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની અને ઝુંબેશમાં સહભાગી થવાની તત્પરતા દર્શાવી હતી. રાજભવનમાંઆજે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, અધિક નિયામક શ્રી ડૉ. આર.બી.પટેલ, સંયુકત નિયામક શ્રી ડૉ. ટી.કે.સોની, ડૉ. પંકજ નિમાવત અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરીને ગુજરાતના ક્ષય-ટીબી નિયંત્રણ કાર્યક્રમ વિશે વિસ્તૃત વિગતો મેળવી હતી. વિશ્વ આરોગ્ય સંગઠ્ઠને વર્ષ-૨૦૩૦ સુધીમાં ટીબી મુકત વિશ્વનું લક્ષ્યાંક નક્કી કર્યું છે. જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વર્ષ-૨૦૨૫ સુધીમાં જ ટીબી મુક્ત કરવાનું લક્ષ્ય આપ્યું છે. આ માટે ગુજરાતમાં ગંભીરતાપૂર્વક કામગીરી થઈ રહી છે. ગુજરાતમાં અત્યારે ટીબીના ૮૩,૬૯૩ દર્દીઓ છે. તે પૈકીના ૭૦,૩૫૦ દર્દીઓ નિ-ક્ષય મિત્ર યોજના અંતર્ગત નિ-ક્ષય મિત્રો સાથે જોડાઈ ગયા છે. આ યોજના અંતર્ગત સહકારી સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, સ્વૈચ્છિક સંગઠ્ઠનો, રાજકીય પક્ષો અને વ્યક્તિગત દાતાઓ ટીબીના દર્દીઓને યોગ્ય પોષણ અને દવાઓ મળે તેની કાળજી લઈ રહ્યા છે. ગુજરાતમાં અત્યારે ૩,૬૭૨ નિ-ક્ષય મિત્રો કાર્યરત છે. છ થી નવ મહિનાની નિયમિત સારવાર અને પોષણક્ષમ આહારથી ટીબીના દર્દીઓ સાજા થઈ રહ્યા છે. ટીબીના દર્દીની ૧૫ થઈ ૨૦ દિવસ સુધી નિયમિત સારવાર પછી તેના દ્વારા અન્યને ચેપ લાગવાની સંભાવના થોડી ઓછી થઈ જાય છે. ગુજરાતમાં ૩૩ જિલ્લાઓમાં અને આઠ શહેરી ક્ષેત્રોમાં ક્ષય રોગ કેન્દ્રો કાર્યરત છે. તમામ તાલુકા કક્ષાએ અને નાના શહેરોમાં ૩૦૬ ટીબી સેન્ટર કાર્યરત છે. તમામ હોસ્પિટલ્સમાં ટીબીની સારવાર નિશુલ્ક ઉપલબ્ધ છે. રાજ્યમાં ડિટેકશન, ટ્રીટમેન્ટ અને પ્રિવેન્શન; તમામ મોરચે શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ બેઠકના અંતે ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહારની કીટ અર્પણ કરી હતી.

# અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા આમંત્રિત ૨૪ જેટલી કંપની દ્વારા રોજગાર ઈચ્છિત ઉમેદવારોના લેવાયા ઈન્ટરવ્યૂ

**અમદાવાદના જિલ્લા મદદનીશ રોજગાર કચેરી દ્વારા રોજગાર ભરતી મેળા તથા અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરી દ્વારા માહિતીદર્શક કાર્યક્રમનું આયોજન**

### અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યક્રમમાં હાજર લોકોને વિવિધ યોજનાકીય માહિતીનો મળ્યો લાભ




કમલમ્ ન્યુઝ,

અમદાવાદના નારણપુરા વિસ્તારના ડી. કે. પટેલ હોલ ખાતે અમદાવાદ જિલ્લા મદદનીશ રોજગાર કચેરી તથા સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના સંયુકત ઉપક્રમે રોજગાર ભરતી મેળાનું તથા જિલ્લા મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાના માહિતીદર્શક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોકત કાર્યક્ર્મમાં મદદનીશ રોજગાર કચેરી દ્વારા આમંત્રીત ૨૪ જેટલી કંપનીઓ નોકરી પ્રદાતા તરીકે આવી હતી. નોકરી વાંચ્છુક ઉમેદવારોએ સ્થળ પર આવીને ઈન્ટરવ્યૂ આપ્યા હતા. કાર્યક્રમના સ્થળ પર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિવિધ પ્રકારના સ્ટોલ લગાવવામાં આવ્યાં હતાં જેમાં વહાલી દિકરી યોજના, બેટી બચાવો બેટી પઢાવો યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગાસ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના જેવી વિવિધ પ્રકારની યોજનાઓની માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં હાજર લોકોને મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓનો લાભ કેવી રીતે લેવો તેનાથી વાકેફ કરવામાં આવ્યા હતા. ઉપરોકત રોજગાર ભરતી મેળા કાર્યક્રમમાં મહિલા સશક્તિકરણ કેન્દ્રના શ્રી જીતેશભાઈ સોલંકી (જેન્ડર સ્પેશ્યલિસ્ટ), મદદનીશ રોજગાર કચેરીમાં હેમલ બારોટ (સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સિયલ લિટરસી), મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા રોજગાર કચેરીના કર્મચારીઓ તથા વૈષ્ણવ વણિક પરિવારના લોકો હાજર રહ્યાં હતાં.



કમલમ્ ન્યુઝ,

ભાજપા ધરમપુર શહેર અને ધરમપુર તાલુકાની ભાજપા જિલ્લા અધ્યક્ષ હેમંતભાઈ કંસારા ના અધ્યક્ષ સ્થાને આવાનારા પાર્ટીના કાર્યક્રમો ના સંદર્ભમાં બેઠક મળી જેમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ ના વલસાડ જિલ્લાના પારડી ખાતે મોરારજી દેસાઈ ઓડીટોરીયમ હોલ ખાતે કાર્યકર્તાઓની બેઠક વિશે માર્ગદર્શન અપાયું, જેમાં દરેક હોદ્દેદારોએ ફેશબુક, ટ્વીટર, ઈન્ટ્રાગ્રામ, નમોએપ અને શરલએપ ફરજીયાત ડાઉનલોડ કરવાનું માર્ગદર્શન અપાયું, સાથે આવનાર ૩૦ તારીખના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના મનકી બાતના કાર્યક્રમને દરેક બુથ ઉપર ફરજીયાત શાંભળવાનું કાર્યકર્તાઓ સાથે થાય એવું આયોજન કરવાનું માર્ગદર્શન પણ અપાયું, આ બેઠકમાં ધરમપુર શહેર અને તાલુકાના સંગઠનના હોદ્દેદારો અને ધરમપુર ના ચુટાયેલા નગરસેવકો અને જિલ્લાપંચાયત સભ્યો તેમજ તાલુકાપંયાતના સભ્યો શક્તી કેન્દ્ર ના પ્રભારીઓ તેમજ સંયોજકો પણ ઉપસ્થાત રહી કાર્યક્રમો ની માહીતી લીધી એવેળાની ક્ષણો.

# સ્વાગત સપ્તાહની ઉજવણીની શરૂઆતમાં ગ્રામ સ્વાગત કાર્યક્રમોમાં જિલ્લામાંથી ૬૦૮ અરજી મળી



કમલમ્ ન્યુઝ,વલસાડ

મુખ્યમંત્રીશ્રીનાં જનસંપર્ક કાર્યક્રમ હેઠળ, ઓનલાઈન ફરીયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતની શરુઆત તા.૨૪ એપ્રિલ -૨૦૦૩નાં રોજ થઈ હતી. આ કાર્યક્રમને એપ્રિલ મહિનામાં ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે વલસાડ જિલ્લામાં આ માસના ચોથા સપ્તાહની સ્વાગત સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લાનાં વિવિધ ગામોમાં ગ્રામ સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં વિવિધ ગામોમાંથી કુલ ૬૦૮ જેટલી અરજીઓ મળી છે. વલસાડ જિલ્લાનાં વિવિધ તાલુકાઓનાં ગામડાઓમાં ગ્રામ સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં વલસાડ તાલુકામાંથી ૧૩૨ અરજી, ધરમપુર તાલુકામાંથી ૧૫૬ અરજી, પારડી તાલુકામાંથી ૯૦ અરજી, કપરાડા તાલુકામાંથી ૧૦૮ અરજી, ઉમરગામ તાલુકામાંથી ૭૩ અરજી અને વાપી તાલુકામાંથી ૪૯ અરજી અને રજૂઆત મળી છે. આમ, આ તમામ અરજીઓ ઉપર જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરી તમામ અરજીઓને ૨૪ એપ્રિલ થી ૨૬ એપ્રિલ સુધી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લઈ નિકાલ કરવામાં આવશે. આગામી દિવસોમાં તાલુકા સ્વાગત કાર્યક્રમ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ વલસાડ જિલ્લામાં યોજાશે. ત્યારે વધુમાં વધુ લોકોને કાર્યક્રમમાં જોડવા માટે ઈન્ચાર્જ કલેક્ટરશ્રી મનિષ ગુરવાનીએ સંબંધિત અધિકારીઓને સુચન કર્યુ છે. ૨૪ થી ૨૬ નાં રોજ દરેક તાલુકામાં તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તથા ૨૭ એપ્રિલનાં રોજ જિલ્લા સ્વાગત અને રાજ્ય સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહની ઉજવણી દરમિયાન જિલ્લાનાં અલગ અલગ તાલુકામાં યોજાનારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોલીસ અધિક્ષકશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી, નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નાયબ કલેક્ટરશ્રી વલસાડ, પારડી અને ધરમપુર તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સહીત વર્ગ-૧ નાં અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

# વઘઈના ગીરા ધોધ પાસે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન પ્રોસેસિંગ કેન્દ્રનુ ભુમી પુજન કરાયુ

**પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતોને ઉત્પાદનો વેચાણની ઉત્તમ તક મળશે – શ્રી મંગળભાઇ ગાવિત**





કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લાના વઘઈ પાસે આવેલા ગીરા ધોધ તરફ જતા વઘઈ-સાપુતારા હાઈ વે ઉપર, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ. ડામોરના હસ્તે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન પ્રોસેસિંગ તેમજ વેચાણ કેન્દ્રનુ ભૂમિ પૂજન કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે જણાવ્યુ હતુ કે, આવનાર સમયમા પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને જિલ્લામા પ્રોસેસિંગ અને વેચાણના કેન્દ્ર દ્વારા પોતાના ઉત્પાદનો વેચવાની ઉત્તમ તક મળી રહેશે. ગીરા ધોધ, વઘઈ તેમજ સાપુતારાની મુલાકાતે આવનાર પ્રવાસીઓ માટે પણ પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની ખરીદી સરળ બની રહેશે, તેમ શ્રી ગાવિતે વધુમા જણાવ્યુ હતુ. વઘઈ–ગીરા ધોધ પાસે આવેલી આ જગ્યા હિલ મિલેટ રીસર્ચ સેન્ટર, વઘઈ-નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા, જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે ફાળવવામા આવી છે. આ કાર્યક્રમ પ્રસંગે હિલ મિલેટ રીસર્ચ સેન્ટરના સીનીયર સાયન્ટિસ્ટ ડૉ. પાટિલ, વઘઈ કે.વી.કેના સીનીયર સાયનટિસ્ટ ડૉ. ડોબરીયા, આત્મા પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી સંજય ભગરિયા, ખેતીવાડી અધિકારી શ્રી હર્ષદ પટેલ, જિલ્લા બાંધકામ વિભાગના અધિકારીઓ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ દ્વારા નિયુકત જિલ્લા હેન્ડ હોલ્ડિંગએજન્સી, તેમજ CBBO ટૂ લાઈફ એન્ટરપ્રાઈઝના નોડલ ઓફિસર શ્રી માધવભાઈ જોષી, આસી. પ્રોજેકટ મેનેજર શ્રી ભરત સોલંકી, જિલ્લા ખેડૂત પ્રતિનિધિ શ્રી મહેશભાઈ, જિલ્લાના ત્રણેય તાલુકામા બનેલ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોની ફાર્મર પ્રોડ્યુસર કંપનીના ડાયરેકટર શ્રીઓ, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને સંલગ્ન મંડળીના પ્રતિનિધિઓ, અને બહોળા પ્રમાણમા ખેડૂતો અને ખેડૂત આગેવાનો તેમજ અન્ય ઉચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી તીર્થ પંઢરપુર ખાતે પ્રગટેશ્વર ધામ આછવણી દ્વારા ૧૦૮ કુંડી મહાવિષ્ણુ યજ્ઞ યોજાયો

**જગતગુરુ શ્રી શંકરાચાર્ય શ્રી સચ્ચિદાનંદ અભિનવ વિદ્યાનરસિંહ ભારતી સ્વામી સંસ્થાન મઠ સંકેશ્વરના શુભ હસ્તે ધર્માચાર્ય પરભુદાદાને તામ્રપત્ર આપી યજ્ઞભૂષણ રત્નથી સન્માનિત કરાયા**



### આ મારું નહીં મારા સત્કર્મો નું સન્માન છે-ધર્માચાર્ય પરભુદાદા

કમલમ્ ન્યુઝ,વલસાડ

શ્રી પ્રગટ પ્રગટેશ્વર ભક્તિધામ આછવણી ગુજરાત મહારાષ્ટ્ર સેવા સમિતિ દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પંઢરપુર તીર્થ ખાતે સદગુરુ પરમપુજ્ય ધર્માચાર્ય પરભુદાદા અને સદ્દગુરુ માતા રમાબાની પ્રેરણા અને આશિર્વાદથી ૧૦૮ કુંડી મહા વિષ્ણુ યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું હતું. આ શુભ અવસરે જગતગુરુ શ્રી શંકરાચાર્ય શ્રી સચ્ચિદાનંદ અભિનવ વિદ્યાનરસિંહ ભારતી સ્વામી સંસ્થાન મઠ સંકેશ્વર (કરવીર)ના શુભ હસ્તે તેમજ સુપ્રસિદ્ધ કથાકાર પૂ.પ્રફુલભાઈ શુકલ સહિત સંતોની ઉપસ્થિતિમાં ધર્માચાર્ય પરભુદાદાને તામ્રપાત્ર આપી યજ્ઞાભૂષણ રત્નથી સન્માનિત કરાયા હતા હું શ્રી સચ્ચિદાનંદ અભિનવ વિદ્યાનરસિંહભારતી સ્વામી જગદગુરુ શ્રી શંકરાચાર્ય સંસ્થાન મઠ સંકેશ્વર - કરવીરએ તેમના સન્માનપત્રમાં જણાવ્યું છે કે, પ્રમાણિત કરું છું કે શિવયોગી ધર્માચાર્ય શ્રી પ્રભુભાઈ પટેલ અને તેમના પત્ની જીવનસંગિની-ધર્માચાર્ય શ્રીમતી. રમાબેન પ્રભુભાઈ પટેલે શ્રીમદ આદ્યશંકરાચાર્યજી દ્વારા પ્રસ્તાવિત અદ્વૈત વિચારધારાનો ફેલાવો અને પ્રચાર કર્યો છે. વિવિધ ધાર્મિક વિધિઓ અનુસરીને, સનાતન ભારતીય સંસ્કૃતિની પ્રગતિ અને વિકાસ માટે કાર્ય કરી રહ્યા છે. માનનીય સાહેબ, તમે એક પિતા, સબ પરિવાર સૂત્રને લઈ સનાતન ધર્મના પ્રચારક અને સંસ્કૃતિના ઉપાસક તરીકે કરેલા કાર્યના અમે હંમેશા પ્રશંસક છીએ. સાથે સાથે તમે અમારી સંસ્કૃતિ, માતા-પિતા, સમાજ, સંતો, અનાથો અને અપંગોની સેવા ઉપરાંત પવિત્ર યાત્રાધામોની સેવા, યજ્ઞ દ્વારા ગાય-બ્રાહ્મણની સેવા થકી રાષ્ટ્રીય કલ્યાણનું હંમેશા પાલન કર્યું છે. વિશ્વ કલ્યાણના કાર્યને પ્રોત્સાહન આપીને અનુપમ યોગદાન આપ્યું છે. તમે તમારી કર્તવ્યનિષ્ઠા, પરિશ્રમ, દૃઢ નિશ્ચય, નમ્રતા, સરળતા, સરળતા, ઉદારતાનુ અનુકરણીય ઉદાહરણ રજૂ કર્યું છે. તમે સમાજના વિશિષ્ટ આભૂષણ છો એમ કહીએ તો અતિશયોક્તિ નહીં થાય. તમે ઊર્જા, ઉત્સાહ, જુસ્સો, વફાદારી, આત્મવિશ્વાસ અને ગતિશીલતાના પ્રતિક છો. તેથી જ જગદગુરુ શંકરાચાર્ય સંસ્થાન મઠ સંકેશ્વર-કરવીર મહાસભા, તમારા કાર્ય અને વ્યક્તિત્વને માન્યતા આપતા, તા.૧૮મી એપ્રિલ ૨૦૨૩ ના રોજ, તમને 'યજ્ઞ ભૂષણ રત્ન'ના સન્માનથી સન્માનિત કરીને, આ પ્રમાણપત્ર તમને અર્પણ કરીએ છીએ. તમે તમારા જીવનમાં સતત પ્રગતિના માર્ગ પર આગળ વધતા રહો. તે જ સમયે, અમે તમને અને તમારા શિવ પરિવારને મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સ્વસ્થ, સર્જનાત્મક, સમૃદ્ધ અને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવીએછીએ. અને અમે ઈચ્છીએ છીએ કે સનાતન ધર્મના ઉત્થાન અને તેના કલ્યાણના પ્રચાર માટે તમારી પ્રતિબદ્ધતા કાયમ રહે તેવી આશા વ્યક્ત કરીએ છીએ. આ અવસરેસુપ્રસિદ્ધકથાકાર પ્રફુલભાઈ શુકલએ શિવ પરિવારની અતૂટ શ્રધ્ધાને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, પરભુદાદા સનાતન ધર્મના પ્રમુખ છે, વિશ્વમાં સનાતન ધર્મની ધજા લહેરાવી છે. આપણું રાષ્ટ્ર પહેલા યજ્ઞપ્રધાન છે, યજ્ઞ એ આપણા દેશની સદીઓ પુરાણી પરંપરા છે, આપણી આ પરંપરા ને પ્રભુદાદાએ હંમેશને માટે જાગૃત રાખવા યજ્ઞની જ્યોત પરભુદાદાએ જલાવી રાખી છે. યજ્ઞમાં ભાગ લઈ રહેલા ભાગ્યશાળી છે, કારણ કે તીર્થમાં એક પુણ્ય કરો તેનું સો ગણુ ફળ પ્રાપ્ત થાય છે. ભુલા ભટકેલા લોકોને સાચો રસ્તો બતાવાનું કામ પૂ પરભુદાદાએ કર્યુ છે. સ્નાનથી શરીર શુદ્ધ થાય છે તેમ ભગવાનના સ્મરણથી હૃદય શુદ્ધ થાય છે, ધર્મનો ભાગ્યોદય થાય ત્યારે સંતોની પધરામણી થાય છે, જેના ભાગરૂપે આજે જગતગુરુ શંકરાચાર્ય અહીં પધારી રહ્યા છે. યોગ્ય સમય યોગ્ય સ્થળે યોગ્ય વ્યક્તિને સન્માન કરવામાં આવે છે તે સન્માન પોતે સન્માન બની જાય છે. ધર્માચાર્ય પરભુદાદાનું સન્માન જગતગુરુના હાથે થઈ રહ્યું છે, જે ખરેખર અભિનંદનીય છે. ભગવાન વિઠ્ઠલની કૃપા સૌની ઉપર રહે અને સૌની મનોકામના પુર્ણ કરે તેવા આશીર્વાદ તેમણે પાઠવ્યા હતા.

આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ જણાવ્યું કે, આ મારું નહીં મારા સત્કર્મો નું સન્માન છે. તેમણે યજ્ઞમાં ઉપસ્થિત સૌના કલ્યાણની અભ્યર્થનાવ્યક્ત કરતાજણાવ્યું હતું કે, આજે પ્રદોષ છે , શિવ-પાર્વતીના મિલનનો અતિ પવિત્ર દિવસ છે, અને આ પવિત્ર દિવસે વિઠ્ઠલ ભગવાને આવીને પાવન કરેલી તીર્થ અને ધર્મ ભૂમિ ઉપર આપણે આવીને યજ્ઞાકાર્યમાં સહભાગી બન્યા તે આપણું અહોભાગ્ય છે. ચંદ્રભાગા નદીનુ મહત્ત્વ સમજાવી દરેક ભક્તોને તેમાં સ્નાન કરી આશીર્વાદ પ્રાપ્ત કરવા જણાવ્યું હતું, જેથી ગુજરાત-મહારાષ્ટ્રના દરેક શિવભક્તોએ ચંદ્રભાગા નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી અને ભગવાન વિઠ્ઠલના આશીર્વાદ મેળવ્યા હતા. પ્રગટેશ્વર સેવા સમિતિનાગુજરાતપ્રમુખબીપીનભાઈ પરમારે અહોભાગ્ય અને ઐતિહાસિક દિવસ છે, અમારા માટે ખૂબ જ ગૌરવની વાત છે. અગાઉ ૯ વર્ષ પહેલાં ધર્માચાર્યની પદવી એનાયત કરવામાં આવી હતી. આ યજ્ઞ અમને હંમેશ ને માટે યાદ રહી જશે. યજ્ઞના આયોજનમાં સતત કાર્યરત યોગેશભાઈની સેવા ભાવનાને તેમણે બિરદાવી સન્માન કર્યું હતું. પ્રગટેશ્વર સેવા સમિતિ મહારાષ્ટ્ર રાજ્યના પ્રમુખશ્રી આર.કે.ખાંદવેએ જણાવ્યું હતું કે, ધર્માચાર્ય પરભુદાદાને જગતગુરુ શંકરાચાર્ય દ્વારા તામ્રપાત્ર ઉપર યજ્ઞભૂષણની પદવી એનાયત કરવામાં આવી છે, જે અમારા માટે ખૂબ જ ગૌરવની વાત છે. ધર્માચાર્ય પરભુદાદાની કૃપાથી દેશના અનેક ધાર્મિક તીર્થ સ્થળોએ યજ્ઞોના સફળ આયોજન થયાં છે, જેમાં સહભાગી બની અનેક લોકોના જીવનમાં પુણ્યનો ઉદય થતાં તેમના પરિવારમાં ખુશી આવી છે. અહીં પંઢરપુર ખાતે આયોજિત ૧૦૮ કુંડી મહાવિષ્ણુ યજ્ઞમાં સહયોગી સૌનો આભાર વ્યકત કર્યો હતો. શ્રી તીર્થ પંઢરપુરમાં પ્રવેશ પહેલાં ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાએ તીર્થ પૂજા કરી પવિત્ર ભૂમિની અનુમતિ મેળવી હતી. ચન્દ્રભાગા નદીમાં સ્નાન પહેલાં તેની વિધિવત પૂજા કરી હતી. યજ્ઞસ્થળે નાશિકની આર્ટિસ્ટ અને શિવભક્ત પ્રગતિએ ભગવાન વિઠોબાની આબેહૂબ રંગોળી બનાવી હતી. યજ્ઞની પૂર્વ સંધ્યાએ સમગ્ર શિવ પરિવારે ચંદ્રભાગા નદીની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ચંદ્રભાગા નદી કિનારે રહેતા જરૂરુયાતમંદોને ફળ તેમજ પૈસાનું વિતરણ કર્યું હતું. આ યજ્ઞના સફળ આયોજનમાં ગુજરાત અને મહારાષ્ટ્ર શિવ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

